# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-01-2025 Day : Monday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## પ્રજાસતાક દિનની રાષ્ટ્રીય કક્ષાએ ઉજવણી

**ગઈકાલે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં કર્તવ્ય પથ પરથી પ્રજાસત્તાક દિવસની ઉજવણીનું નેતૃત્વ કર્યું હતું.**

**સમારોહની શરૂઆત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકની મુલાકાતથી થઈ, જ્યાં તેમણે શહીદ નાયકોને પુષ્પાંજલિ અર્પણ કરીને શ્રદ્ધાંજલિ આપી.**

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પરેડમાં મુખ્ય મહેમાન રહેલા ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો સાથે એક બગીમાં કર્તવ્ય પથ પર પહોંચ્યા. રાષ્ટ્રપતિ દ્વારા રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો, ત્યારબાદ 105-મીમી લાઇટ ફિલ્ડ ગનનો ઉપયોગ કરીને 21 તોપોની સલામી સાથે રાષ્ટ્રગીતનું ગાન થયું હતું**

**દેશના વિવિધ ભાગોમાંથી સંગીતનાં સાધનો સાથે 'સારે જહાં સે અચ્છા' વગાડતા 300 સાંસ્કૃતિક કલાકારો દ્વારા પરેડની શરૂઆત કરવામાં આવી. ધ્વજ ફોર્મેશનમાં 129 હેલિકોપ્ટર યુનિટના Mi-17 1V હેલિકોપ્ટર દ્વારા આકાશમાંથી પુષ્પવર્ષા કરવામાં આવી હતી. દિલ્હીની સાથે સમગ્ર દેશમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરાઈ હતી.**

**------------------------------------------------------------------------------------------**

## રાજ્ય કક્ષાની ઉજવણી

**તાપી જિલ્લાના વાલોડ તાલુકામાં 76મા પ્રજાસત્તાક દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરાઇ. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ત્રિરંગો ફરકાવ્યો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ધ્વજવંદન બાદ રાજ્યની કલા અને સંસ્કૃતિને પ્રસ્તુત કરતાં આકર્ષક ટેબ્લો રજૂ કરાયા હતા. આ ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમો, માર્ચ પાસ્ટ, ડોગ-અશ્વ શો સહિત જવાનોના અવનવા કરતબોએ પ્રેક્ષકોને અચંબિત કર્યા હતાં.**

**-----------------------------------------------------------------------------------------**

## જિલ્લા કક્ષાની ઉજવણી

**દેશ ભરની સાથે ગઇકાલે સરહદી કચ્છ જીલ્લામાં ૭૬માં પ્રજાસત્તાક દિનની આન બાન અને શાન સાથે જોશભેર ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ પશ્ચિમ કચ્છમાં નખત્રાણા ખાતે યોજાયો હતો. જિલ્લા કલેકટર અમિત અરોરાએ રામાણી ગ્રાઉન્ડ ખાતે તિરંગો લહેરાવીને કચ્છની ખમીરવંતી પ્રજાને ગણતંત્ર દિનની શુભેચ્છાઓ આપી હતી.**

**આ પ્રસંગે પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં કલેકટરે જણાવ્યું કે, કચ્છ જિલ્લો રાજ્યના વિકાસ મુગટમાં ધ્રુવ તારા સમાન ચમકી રહ્યો છે. વિકાસના રોલમોડેલ બનેલા ગુજરાતની વિકાસ યાત્રામાં કચ્છનું વિશેષ યોગદાન છે. હસ્તકલા, પ્રવાસન, ઉદ્યોગ, ખેતીવાડી સહિત અનેક ક્ષેત્રમાં કચ્છ જિલ્લો અગ્રેસર બન્યો છે.**

**તેમણે વધુમાં ઉમેર્યું કે, એક સમયે દુષ્કાળનો જિલ્લો ગણાતો કચ્છ આજે ૧૦૦ ટકા નળ જોડાણ ધરાવતો જિલ્લો બન્યો છે. પિયતની સગવડના કારણે કચ્છે ખેતી ક્ષેત્રે પણ કાઠું કાઢયું છે. રાજ્ય સરકારના પ્રયાસોના કારણે કચ્છની બન્ની ભેંસ, ખારાઇ ઊંટ, કચ્છી-સિંધી અશ્વને અલગ ઓલાદ તરીકેની રાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત**

થઇ છે. જેનાથી પશુઓની વેચાણ કિંમત વધતા માલધારીઓને આર્થિક ફાયદો થયો છે તેમ શ્રી અરોરાએ જણાવ્યું હતું.

આ પ્રસંગે તેમણે પરેડ નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ પરેડ કમાન્ડરની આગેવાની હેઠળ પોલીસ, હોમગાર્ડ, જીઆરડી તથા એનસીસીની પ્લાટુનોએ માર્ચ પાસ્ટ કરી હતી. આ ઉજવણીમાં વિવિધ શાળાના બાળકો દ્વારા રજૂ કરાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમોએ દેશ ભક્તિનો અનેરો માહોલ સર્જયો હતો. પોલીસ ડૉગ શો, દેશભક્તિ ગીતો, અભિનય ગીતો, ફ્રોજી નૃત્ય, સમૂહ નૃત્યની પ્રસ્તૃતિના પગલે ઉપસ્થિત જનમેદનીમાં ઉત્સાહ અને રોમાંચનો માહોલ સર્જાયો હતો. આ સાથે વિવિધ વિભાગો દ્વારા સરકારની વિવિધ યોજનાની જાણકારી આપતા ટેબ્લો રજૂ કરાયા હતા.

-------------------------------------------------------------------------------

બીએસએફ દ્વારા પાકિસ્તાની ઝડપાયો

કચ્છ સરહદેથી ભારતીય સરહદી સુરક્ષાદળે એક પાકિસ્તાની ઘૂસણખોરને ઝડપી પાડ્યો હતો. ગઇકાલે પ્રજાસત્તાક દિન નિમિત્તે બીએસએફ દ્વારા ચલાવાયેલા આ વિશેષ અભિયાનમાં પાકિસ્તાની નાગરિકને પકડી લેવાયો હતો.

બીએસએફના જવાનો પહેરો ભરી રહ્યાં હતા ત્યારે પાકિસ્તાનની સરહદ પર શંકાસ્પદ હિલચાલ નજરે પડી હતી જેને કારણે સતર્ક થયેલા જવાનોએ શોધ અભિયાન શરૂ કર્યું હતું જેમાં ખાવર નામનો પાકિસ્તાની નાગરિક ઝડપાઇ ગયો હતો. તેની પૂછપરછ હાથ ધરાઇ છે.

-------------------------------------------------------------------------------

# સ્થાનિક સ્વારજ્ય ચૂંટણી જાહેરનામુ

**રાજ્યની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ ની આગામી 16મી ફેબ્રુઆરીએ યોજાનાર ચૂંટણી માટે આજે જાહેરનામુ પ્રકાશિત થતાં ચૂંટણી પ્રક્રિયાનો વિધિવત આરંભ થશે. રાજ્યમાં જૂનાગઢ મહાનગરપાલિકા 66 નગર પાલિકાઓ અને ત્રણ તાલુકા પંચાયતોની સામન્ય તેમજ અન્ય સંસ્થાઓની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી યોજાશે.**

**આજે જાહેરનામું પ્રકાશિત થતા ઉમેદવારી પત્રો ભરવાની શરૂઆત થશે. ઉમેદવારી પત્રો 1લી ફેબ્રુઆરી સુધી ભરી શકાશે. 3જીએ તેની ચકાસણી થશે, 4થીએ ઉમેદવારીપત્રો પાછા ખેંચી લેવાતાં ચિત્ર સ્પષ્ટ થશે.**

**કચ્છમાં ભચાઉ અને રાપર નગરપાલિકાઓની પ્રત્યેકની સાત વોર્ડની 28 બેઠકોની ચૂંટણી યોજાશે. આ ઉપરાંત ભચાઉ તાલુકાની લાકડીયા, મુંદ્રા તાલુકાની મોટી ભુજપુર અને માંડવી તાલુકાની દરશડી પંચાયતોની એક એક બેઠક માટે પેટા ચૂંટણી યોજાશે.**

**-------------------------------------------------------------------------------------**